સસ્તામાં સ્વર્ગ

અથવા

સ(હેલાઈથી / લામતીથી / રસ રીતે) હજની ફર્ઝ

અદા કરવાનો નવો દવર્

એ. અલ-મુહમ્મદ.

بسم الله الرحمن الرحيم

نحمده ونصلي على رسوله الكريم

હજની ફર્ઝ અને આસાની.

અલ્લાહ તઆલાએ હજને સઘળા મુસલમાન મરદો અને અવરતો ઉપર ફર્ઝ કરી છે. અને તેને ઈસ્લામનો એક રૂકન એટલે સ્થંભ તરીકે ગણ્યો છે. એટલા માટે આ ફર્ઝને અદા કરવાની તાકત અને શકિત ખુદાપાકે જેને આપી હોય એવા દરેક મુસલમાનને જોઈએ કે તે જેમ અને તેમ જલ્દી આ ખુદાઈ ફર્ઝ અદા કરી નાખે અને તેને પૂરો કરવાની કોશિષ કરે. અલ્લાહ પાક કુર્આને હકીમમાં ફરમાવે છેઃ—

“વ લિલ્લાહિ અલન્નાસિ હિજ્જુલ બયતિ મનિસ્તતાઅ ઈલયહિ સબીલા વમન કફર, ફઈન્નલ્લાહ ગનીયુન અનિલ આલમીન.”

એટલેઃ—“કઅબતુલ્લાહની હજ ખાસ અલ્લાહ માટે કરવી તે લોકો ઉપર ફર્ઝ છે જેમને ત્યાં લગી પહોંચવાની કુદરત અને શકિત હોય. અને શકિત છતાં અગર તેઓ હજ કરવા જાય નહિં તો પછી અલ્લાહ પાક દુન્યા આખીથી

બેપરવાહ છે.” એક બીજે ઠેકાણે હઝરત ઇબ્રાહીમ અલય-હિસ્સલામને હુકમ આપતાં, અલ્લાહુ કહે છે કેઃ—

વઉઝઝિન ફિન્નાસે બિલહુજ્જે યઅતૂકા રિજાલંવ વઅલા કુલ્લિ દામિરિય યઅતીના મિન કુલ્લે ફજ્જિન અમીક.”

એટલે કેઃ—“લોકોને હજની ખબર આપી દો. તમારી પાસે પુષ્કળ લોકો દૂર દૂરથી પગે ચાલતાં તેમજ દુબળા પાતળા ઉંટો ઉપર સવાર થઇ આવશે.”

જ્યારે હવે આપણે જોઈ લીધું કે એ ખાસ અલ્લાહુ તરફનો એક હુકમ છે. એટલે આપણી પણ ફર્ઝ થઈ કે આપણે આપણા સઘળા મુસલમાન ભાઇઓને એ હુકમથી વાકિફ કરી દઈએ અને તેમને ગફલતમાંથી જગાવી દઈએ. અને એનું એક કારણ એછેકે અલ્લાહ પાકે જયારે મુસલમાનોની ભલાઈ કરવા ઇચ્છયું ત્યારે પોતાના ફરમાબરદાર બન્દાઓની સહેલાઈ અને આસાનીને માટે તેણે નામદાર ઇમામ **અબ્દુલ અઝીઝ બિન અબ્દુર્રહમાન** અલ ફયસલ આલિસ્સુઉદ (ઐયદહુલ્લાહુ બિનસરિહ!) ને હરમયન્ શરીફયન્ અને હિજાઝ દેશ અને નજદ અને તેના પ્રગણાઓના રાજ્યકર્તા બનાવ્યા. જ્યારે મકકહ મુઅઝઝમહ અને મદીના મુનવ્વરહની હુકુમતની લગામ તે નામદારના હાથમાં આવી ત્યારે એમની ઉંચી હિમ્મતે એજ નિશ્ચય કરી નાખ્યો કે આ સઘળી તકલીફો અને મુસીબતો જે અમારા દીની મુસલ-

માન ભાઇઓને હજ માટેની હુરમયન્ શરીફયનની સફરમાં ભોગવવી અને વેઠવી પડે છે તે સઘળી એકદમ નાબુદ થઇ જવી જોઈએ કે જેથી દરેક મુસલમાન અને દરેક હાજીને રાહત અને આરામ નસીબ થઈ જાય, અને તેને કોઈપણ પ્રકારનાં ભય કે ચિંતા રહે નહિં. એમ થાય તોજ હિજાઝ આવવા ઇચ્છનારાઓ હજની મહાન નિઅમત મેળવવાની કોશિષ કરે, પુરે નચિંતપણે હજની ફરઝો અદા કરે, ખુશી ખુશી આવે અને ખુશી ખુશી વાપિસ ફરે. કોઈ પણ માણસને કોઈ પણ પ્રકારની પીડા કે પરેશાની ઉઠાવવી નહિ પડે અને હર કોઈને હજ કરવાનો શવક અને ઉત્સાહ થાય; ટુંકમાં લોકો, તેના મહાન સવાબથી મહરૂમ રહે નહિં. નામદાર સુલતાનની એ ઉદારતા અને હમદર્દી દુન્યાના ઇતિહાસમાં એક યાદગાર તરીકે અમર રહી જશે. અલ્લાહ તઆલા હર મુસલમાનને એ ફર્ઝ અદા કરવાની, અને દરેક પ્રકારના સારા કામો કરવાની તવફીક બખશે. આમીન.

બધેબધ અમન અને શાન્તિ

જે પ્રકારની સુલ્હ અને શાંતિ, રાહત અને નચિંતપણું આજે અહિં છે અને જેની હવે દુન્યા ભરમાં હર કોઈને ખબર પણ પડી ગઈ છે.—તેવી અગાઉ કદી ન હતી. એ

બિના નઝરે નઝર જોવાઈ છે કે ઘણાખરા હાજીઓ અને ઝિયારત કરનારાઓ જેઓ પહેલા ઝમાનામાં પણ અહિં આવી ગયા હતા અને આ ઝમાનામાં પણ આવીને હજ કરી ગયા તેમણે પહેલાંની અને આજની વસ્તુ સ્થિતિમાં ઝમીન આસમાનનો ફર્ક બતાવ્યો છે. પ્રત્યેક હાજી કે મુસાફિર જ્યાં ચાહે ત્યાં, જેમ ચાહે તેમ અને જ્યારે ચાહે ત્યારે આખા હિજાઝ દેશમાં આવજા કરી શકે છે. નથી તેને કોઈ છેડી સકતો કે નથી સતાવી સકતો. સઘળી ચિંતાઓ અને સઘળા ભયો હવે નાબુદ થઈ ગયા છે. પહેલાં આ પવિત્ર ઝમીનની એ હાલત હતી કે કાફી સંખ્યામાં કાફલો ભેગા કર્યા વિના કોઈ પણ માણસથી કયાં પણ જવાતું ન હતું. પછી ભલે તે કેટલોએ બહાદુર કેમ ન હોય. કાફલામાં પણ સફર દરમિયાન તે કાફલાથી સ્હેજ પણ દુર ગયો તો તેનો જીવજ ગયો જાણવો. ઘણા હાજીઓતો કાફલામાંજ લુટાઈ મરાઈ જતા હતા અને ઘણા કશા પણ વાંક વિના કત્લ થઇ જતા હતા. અને એ પ્રમાણે ઘણી કીમતી જાનો બરબાદ થઈ અને નાશ પામી જતી હતી. અલ-હમ્દુલિલ્લાહ, અલ્લાહનો કેટલો શુક્ર કરીએ અને કેટલો ઉપકાર માનીએ કે તેણે પોતાના કરમ અને કૃપાથી આ પવિત્ર અને મુબારક ઝમીનના ભયો અને જોખમોને અમન અને આરામમાં ફેરવી નાખ્યાં,

અને જુલ્મ અને સતામણીનો નાશ કરી દીધો. હવે દરેક હાજી પગે ચાલતો કે સવારી ઉપર કાફલામાં રહી કે એકલો, રાત્રે કે દીવસે પોતાના સર સામાન સહિત જ્યાં જવું હોય ત્યાં, જ્યારે જવું હોય ત્યારે જઈ સકે છે, ઉઠી બેસી સકે છે, નથી તેને કોઇ રોકનાર કે નથી તેને કોઇ ટોકનાર! નથી તેને કોઈનો ભય કે નથી તેને કશાની ચિંતા! એજ તો કારણ છે કે જેને સદકે અને પ્રતાપે હવે બયતુલ્લાહ શરીફના મિહમાનોની સંખ્યા દિન દિન વધી રહી છે, એ સઘળો, જલાલતુલ મલિક નામદાર સુલ્તાનની હમદર્દી, જાગૃતિ અને કુરબાનીનોજ પ્રતાપ છે. કેમકે અલ્લાહના ફઝલ, ઈનાયત અને તવફીક હર હંમેશ એ નામદારના નસીબમાં છે. નિકર જે અમન અને શાંતિની આજે આણુ વર્તી રહી છે અને જે આજ કાલ કહેવત રૂપ બની ગઇ છે તેના અગાઉ સ્વપ્ના પણ કોને આવતા હતા?

મોટરોનો ઉપયોગ.

મઝકૂર, સલામતી અને સુખના સાધનો ઉપરાંત, આ પવિત્ર ભૂમિમાં હવે મોટરોની આવજાની પણ ઘણીજ મનમાનતી અને સંતોષકારક ગોઠવણ થઇ ગઈ છે. આવી સવારીની ગયર્ હાઝિરીથી અગાઉ ઘણું ખમવું પડતું; હવે આવજાની આસાની થઈ ગઇ છે. **હિજાઝી** સરકારે એમાં

ખૂબ કોશિશ એટલા માટે કરી કે હાજીઓને આરામ થઈ જાય અને તેઓ ઇચ્છેલી જગ્યા ઉપર જલ્દી જલ્દી પહોંચી જાય. હવે મોટરોને લીધે બયતુલ્લાહ શરીફની સફરમાં ઘણીજ સહેલાઇ થઈ ગઈ છે. રાત દિવસ મોટરો આવજા કરે છે. હાજી જયાં ચાહે ત્યાં, પોતાના જુરૂરી સરસામાન સહિત સફર કરી શકે છે; જાનમાલનો કંઈ જોખમ નથી રહ્યો, લૂટફાટ કે દગાફટકાની કોઇને મજાલ નથી રહી, કોઈ નજીવીમાં નજીવી વસ્તુ પણ ગુમ થઈ સકતી નથી, ભોગ જોગે જો કોઈ વસ્તુ રસ્તામાં રહી જાય કે મોટરમાંથી પડી જાય તો પાછલી મોટરો તેને તરતજ ઉપાડી લે છે અને સંભાળ પૂર્વક પાસેની ચોકીમાં પહોંચાડી દે છે, જે પછી સરકારી નોકરો તેના મૂળ માલિકને શોધી કાઢી તેને પહોંચતી કરે છે. સવારીના મુનાસિબ દરો પણ સરકાર તરફથી નક્કી કરી દેવામાં આવે છે જે દરેક હાજી ખુશીથી કુબુલ કરી લે છે. એમ, કોઈ કશીપણ સખ્તી કે ઇઝા કરી સકતો નથી. કદી કોઇ મુકર્રર કરેલા દરથી વધુ કંઈ કઢાવી લે તો સરકારને તે વિશેની ખબર અપાતાં તેને શિક્ષા કરવામાં આવે છે. મોટરો દ્વારા આવજા કરવામાં જે ફાયદાઓ છે તે તો સ્પષ્ટ છે. અહિં તેમની ઘણી કમ્પનીઓ છે જેમની ઉપર એક સરકારી કમીટી દેખરેખ રાખે છે અને સઘળો કારભાર અને બંદોબસ્ત સરકારની જાણ અને પરવાનગીથી થાય છે. ટુંકમાં આ બારામાં પણ

હાજીઓના લાભો અર્થે થયલી સરકારી ગોઠવણુ પ્રસંશાપાત્ર અને આભાર માનવા જેવી છે.

ઉતારાની વ્યવસ્થા

હાજીઓના ઉતારા અને વાસા માટે મકાનોની ગોઠવણુ પણુ, તેમની રાહત અને આરામને લક્ષમાં રાખીને, ઘણી સંતોષકારક રીતે કરી નાખી છે. ખાસ કરીને **મક્કહ મુકર્રમહ**માં, કે જ્યાં સામાન્ય રીતે હજની મોસમમાં ઘરોની તંગી થઈ પડે છે, આ ગોઠવણુનો એકજ હેતુ, હાજીઓની રાહત છે. એ કામ માટે પણુ હુકુમત તરફથી ખાસ ખાસ આદમીઓ મુકરરર કરી દેવાયા છે. તેઓ વારે ઘડીએ હાજીઓના રહેવાની જગ્યાઓ અને તેમના ઉતારાના મકાનોની દેખરેખ રાખતા રહે છે અને પૂછપરછ કરતા રહે છે કે કોઈને પણુ કોઇપણુ પ્રકારની તકલીફતો નથી ? અથવા સફાઈ વગયરહનો પૂરતો બંદોબસ્ત છે કે નહિ ? અથવા જેટલા માણુસોનો સમાવેશ હોય તેના કરતાં વધુ સંખ્યામાં તો નથી ઘુસાડી દેવાયા ? એ પણુ વળી નિતનિત જોવાયા કરે છે કે મકાન ભાડું સરકારી દર કરતાં અથવા યોગ્ય દરમાયા કરતાં વધુ તો નથી લેવાતું ? ટુંકમાં, એ વિષે સઘળી દિશાઓમાં ચાંપતી નઝર રાખવામાં આવે છે, તે ઉપરાંત કોઈ હાજી પોતાની ખુશીથી અને પોતાની ગાંઠને પૈસે કોઈ મોટી જગ્યા રાખે છે તો તેને કોઇ રોકતું નથી

જો તે બીજા કોઈની સાથે ભાગમાં રહે તો તેને પણ તેનો ઈખ્તિયાર છે. હાજીઓના ઘરોની સાફ સુફ અને આરોગ્યતા ને લગતી બાબતો ઉપર પણ ખાસ લક્ષ આપવામાં આવે છે.

હાજીઓના મુઅલ્લમો

હાજીઓ માટે સરકારે મુઅલ્લમો અને મુતવ્વફો પણ ભલા અને ખયરખાહ પસંદ કરી રાખ્યા છે જેઓ, હાજીઓની સેવાને પોતાની ખાસ ફર્જ સમજે છે અને તેમની ખરી રહબરી કરે છે અને તેમની ખિદમત ગુઝારી માટે હરહમેશા તૈયાર રહે છે કે જેથી તેમને કોઇ પ્રકારની તકલીફ ન થાય અને પોતાની સેવાઓ બદલ જે મહેનતાણું મલે તે સરકારી હુકમ અનુસાર હોય અને તેથી વધુ ન હોય. (ઇનામ તરીકે, હાજીઓ પોતાની મરઝી ખુશીથી જે કંઈ આપે તે જુદી વાત છે.)

ખરૂં પુછો તો મુઅલ્લમ હાજીઓનો હમદર્દ વફાદાર અને ખિદમત ગુઝાર સેવક છે. તે, મનાસિક અને ફરાઈઝ બતાવવમાં હાજીઓની રહબરી કરે છે અને તેમના જાન અને માલનું રક્ષણ કરે છે. જીદ્દામાં દરેક મુઅલ્લમ મુતવ્વફનો વકીલ કે એજન્ટ હોય છે જે ઉતરતી વેળાએ હાજીઓનો સત્કાર કરે છે અને મોકા મોકાઓ ઉપર હાઝિર પણ રહે છે. તે હાજીને દરેક કામમાં મદદ કરે છે અને તેનું તમામ સામાન કસ્ટમ વગયરહમાંથી છોડાવી તેમને ઉતારે લઇ આવે છે. જ્યાં

લગી હાજી જિદ્દહમાં રહે છે ત્યાં લગી તે તેની સેવા માટે હંમેશા ઉભે પગે તૈયાર હોય છે. પછી મકકહ મુઅઝઝ-માહ તરફ હાજીની રવાનગી સંબંધી જે કંઈ ઝુરૂરતો હોય છે તે મઝકુર વકીલ પુરી પાડે છે અને હાજીની મરઝી અનુસાર જે સવારી જોઇતી હોય તેની ગોઠવણ પણ કરી આપે છે, આ વકીલની નીમણુક પણ સરકાર તરફથીજ કરવામાં આવે છે.

આરોગ્યતાને લગતી ગોઠવણ.

અહિં જે દવાખાનાઓનો બંદોબસ્ત છે તે પણ સરકાર તરફથીજ કરવામાં આવ્યો છે. દરેક શહેરમાં મોટી ઈસ્પિતાલો ઉપરાંત અનેક દવાખાનાઓ પણ ઠેક ઠેકાણે ઉઘાડવામાં આવ્યા છે. જેમાં દરેક પ્રમાણની મોંઘી અને સોંઘી દવાઓ મંગાવીને તૈયાર રાખવામાં આવે છે, અને ડોકટરો અને તબીબો પણ સરકાર તરફથી મુકર્રર થઇ ગયા છે કે સામાન્ય દરદીઓનો ઈલાજ કરે અને બીમારોને દવા મુફત આપે અને જે તંગદસ્ત અને મુફલિસ હોય અથવા ઇલાજ માટે દવાખાનામાં રહેવા માગે તો એવા માણસને દવાખાનામાં દાખિલ કરી દેવામાં આવે છેઅને તેને દવા અને ખુરાક સરકાર તરફથી મુફત મળે છે. તેના દવા દારૂ અને ઈલાજ ઉંચા પ્રકારના થાય છે અને તબીબો એવા મરીઝો ઉપર ખાસ ધ્યાન આપે છે. એ ઉપરાંત, સરકારે એ પણ કર્યું છે કે હાજીઓના

સફરના માર્ગોમાં ઠેક. ઠેકાણે રક્ષણ વાળી ચોકીઓ ઉભી કરી દીધી છે જેમાં પાણી અને ઈલાજની દવાઓ વગયરહ મવજુદ હોય છે. એવી દરેક ચોકીમાં એક તબીબ પણ હાઝિર રહે છે અને એ સઘળાઓનો ખાસ હેતુ એ છે કે હાજી હિજાઝની પવિત્ર ભૂમિ ઉપર પગ મુકે ત્યારથી કે વાપિસ ફરે ત્યાં લગીમાં જો તેને, ન કરે અલ્લાહ, કે કંઈ બીમારી થઇ જાય તો તે તરતજ તબીબી સલાહ લઈ લે કે પોતાનો ઈલાજ કરાવી લે અને નચિંત પણે ખયરીયતથી પોતાને દેશ વાપિસ જાય.

હાજીઓ સંબંધી કમીટીઓ

હિજાઝની હુકુમતને હાજીઓના સુખચેન અને હજ સંબંધી બીજી વાતોનો ખાસ ખિયાલ હોવાથી તેનુ મન હંમેશા એજ તરફ પરોવાયલું રહે છે. આ હેતૂ બર લાવવા માટે તેણે હાજીઓ સંબંધી કેટલીક કમીટ્રીઓ બનાવી દીધી છે જે હાજીઓના સુખચેન ઉતારા, સલામતી વગયરહ માટે જવાબદાર છે અને હાજીઓની ખબર ગીરી અને દેખરેખમાં હરહમેશ તૈયાર રહે છે. અમે એ કમીટીઓના નામ નીચે આપીએ છીએઃ—

(૧) જિદ્દહ માં હાજીઓ ઉપર દેખરેખ રાખનાર કમીટી
(૨) જિદ્દહ માં મુઅલ્લમો અને તેમના વકીલો સંબંધી કમીટી,

(૩) **મક્કહ મુકર્રમહમાં** હાજીઓ સંબંધી તમામ ગોઠવણ માટે જોખમદાર કમીટી,

(૪) **મક્કહ મુકર્રમહમાં મુઅલ્લીમો સંબંધી કમીટી**

(૫) **મક્કહ મુકર્રમહમાં** જાવાના મુઅલ્લીમો સંબંધી કમીટી,

(૬) **મક્કહ મુકર્રમહમાં** તંદુરૂસ્તી અને શરીર સુખાકારી સંબંધી ખાસ કમીટી,

(૭) **મદીનહ મુનવ્વરહમાં** ઝિયારત કરાવનારાઓ સંબંધી કમીટી.

પ્રત્યેક હાજી માટે એ કેવળ મુમકિન અને આસાન છે કે જયારે કદી ઝુરૂરત પડે અથવા કોઇ કામ આવી પડે તો આ કમીટીઓમાંની, ગમેતે કમીટી પાસે તે મદદ મેળવી સકે છે. એથી વધુ, અમે સલાહ આપીએ છીએ કે જયારે કોઇ મુશ્કિલી પયદા થાય અથવા તેમની ઉપર કોઈ પણ પ્રકારનો ઝુલ્મ પણ થઈ જાય તો હાજીઓને જોઇએ કે તરતજ એકેએક પોલીસ ખાતામાં તેની ખબર નોંધાવી દે અથવા જે હાકિમ પાસે ચાહે ચાલ્યા જાય અને જો વધુ અગત્યનું કે ગંભીર કામ હોય તો, ખુદ સામાન્ય ગવર્નરને મળી દાદ માગે.

કેટલીક ઝુરૂરી વાતો.

દર્યા માર્ગે આવનાર હાજી, જિદ્દે પહોંચે કે તરતજ તેને મુઅલ્લમ યા તેનો એજન્ટ આવી મળશે, તેને ઉતારા

સુધી લઈ આવવા માટે, ગાડી કે સવારીની ગોઠવણુ કરશે અને કસ્ટમ વગયરહુના બીજા સઘળા બંદોબસ્ત કરાવી આપશે. પછી તે જિદ્દૃહની, હાજીઓ ઉપર દેખરેખ રાખનાર કમીટીને મળશે અને પછી હાજીને ઉતારા પર પહોંચાડી દેશે. ત્યાર પછી જિદ્દૃહથી મોટર દ્વારા, ઉંટ ઉપર બેસીને કે પગે ચાલી જેમ હાજીની મરઝી મકકેહ જવાની હશે તેમ અને હાજીના હુકમ અનુસાર ગોઠવણુ કરશે. ટુંકમાં હાજીની જિદ્દૃહના રહેઠાણુ દરમિયાન ઝુરૂરી ખિદમતોને બજાવી દેશે. અને હાજી જયારે જિદ્દૃહથી મકકેહ તરફ રવાના થશે ત્યાર પહેલાં તો મકકેહ મુઅઝઝમાહ ઉપર મુઅલ્લીમ યા તેનો માણસ હાઝિર હશે; જે, બાબુલ મકકેહ લગી હાજી પહોંચી નહિં જાય ત્યાં સુધી ખસશે નહિ. હાજી ત્યાં પહોંચતાં તરતજ તેનો સતકાર કરવામાં આવશે. અને પછી પહેલી વસ્તુ એ જોવાશે કે તેણે ઈહરામ સુન્નત અનુસાર બાંધ્યો છે કે નહિ ? હોય તો ઠીક નહિ તો દાખિલ થવા અગાઉ તેને ઈહરામ બંધાવી દેવામાં આવે છે. પછી તેને મુઅલ્લીમના મકાન ઉપર લઈ જવામાં આવે છે અને ત્યાંથી બયતુલ્લાહ શરીફમાં લઇ જઇ ખાનએ કઅબાહનો તવાફ કરાવવામાં આવે છે. ત્યાર પછી સફા અને મર્વા વચ્ચે સઇ કરાવવામાં આવે છે અને એ તમામ અરકાનોથી ફારિગ કરાવી તેને માટે નકકી કરવામાં આવેલા ઉતારા

ઉપર તેને પહોંચાડી દેવામાં આવે છે જયાં, તેની મિહમાની વગેરે થાય છે.

જો કોઈ હાજી સાહબને મુઅલ્લમ, મુતવ્વફ અથવા કોઈ બીજા માણસ વિષે કંઈ ફર્યાદ કરવી હોય કે તેઓ કોઇ બીજી વાત વિષે રિપોર્ટ કરવા ઈચ્છતા હોય તો તેમને પુરો ઈખ્તિયાર છે કે ઉપર ગણાવેલી કમીટીઓમાંથી ચાહે તેની આગળ જઈને તેમ કરી સકે છે. ઇન્શાઅલ્લાહ, તરતજ દાદ મળશે કે નિકાલ થશે.

ટુંકમાં એ,

કે ઉપલી વાતો એટલા માટે ઝાહિર કરી દેવામાં આવી છે કે હાજીઓ માટે તેનાથી વાકિફ થઇ જવાની ખાસ ઝુરૂરત છે, અને એ ઉપરાંત તો, જયારે હાજી અહિં આવશે ત્યારે તેને પોતાના મકસદના રઝડાણ દરમિયાન સારી પેઠે મઅલૂમ થઇ જશે, કે હિજાઝની હુકૂમતે હુજ્જાજના સુખ ચેન માટે કેવી તનતોડ મિહનત કરી છે અને કેવી કેવી મુશ્કિલીઓ દૂર કરી દીધી છે. એજ કારણે અમે ભાઇ મુસલમાનોની ભલાઈના હેતુએ, તેમની સેવામાં અર્ઝ કરીએ છીએ કે તેઓ જયાં વસ્તા હોય ત્યાંથી, પૂર્વ કે પશ્ચિમથી, આ અગત્યની ફર્ઝ અદા કરવા અર્થે, આ દિશા તરફ દોરાય; અને અમે દુઆ પણ ગુઝારીએ છીએ કે અલ્લાહ પાક તેમને, તે અદા કરવાની તવફીક બખ્શે.

જે ગૃહસ્થોને ખુદાએ, એની હયસીયત આપી છે તેમને જોઈએ કે આ તકને ગનીમત જાણી, જતી કરે નહિ અને બયતુલ્લાહમાં હાઝિર થઈ જઈ, રહમત અને મગફિરત અને બરકતની દુઆ માગે અને, આ અમર નિઅમત અને દવલત હાસિલ કરી લે. અલ્હમ્દુલિલ્લાહ, કે હવે, તેના કરમ અને કૃપાથી દરેક પ્રકારની આસાની નસીબ થઇ ગઈ છે અને સઘળી તકલીફો અને મુસીબતો ખત્મ થઈ ગઈ છે, વ લિલ્લાહિલ હમ્દ !

મકકહ મુકર્રમહ,
૧૩૪૯ હિજરી, નબવી.

ઝુરૂરી સલાહ.

ખાધા ખુરાકી, ખાનપાન અને મુસાફરીની સઘળી વસ્તુઓ મસાલા, અનાજ વગયરહ હવે હિજાઝમાં પણ ર્કફાયત ભાવ મળી સકે છે. હિન્દુસ્તાનમાંથી ત ખરીદી લઇ જવાની માથા ફોડ અને સફર દરમિયાન સંભાળવાની ફડાકુટ હાજીઓએ હવે કરવાની નથી.

મુસ્લિમ-ગુજરાત પ્રેસ,
ભાગાતાલાબ રોડ, સુરત.

આ વાંચો--કદાચ તમને હજની તવફીક થઇ જાય અને તમે
એક ફર્ઝની જવાબદારીમાંથી મુક્ત થઇ જાઓ;

બીજાઓને વંચાવો—કદાચ તેમનામાંનો પણ કોઇ એ
દીની દવલત મેળવવા ભાગ્યશાળી થઇ જાય,
જેમાં સવાબનો તમારો હિસ્સો પણ છેજ.